Re-Accredited Grade 'B' by NAAC (CGPA 2.81)

Celebrating 25 years of Excellence

શ્રી માલદેવજી ઓડેદરા સ્મારક ટ્રસ્ટ સંચાલિત

# ડો. વિરમભાઈ રાજાભાઈ ગોઢાણિયા

આર્ટ્સ, કોમર્સ, હોમસાયન્સ એન્ડ ઈન્ફર્મેશન ટેકનોલોજી મહિલા કોલેજ, પોરબંદર

डॉ. विरमभाई राजाभाई गोढाणिया महाविद्यालय, पोरबंदर

UGC No. F.8-121/89 (CPP.I) Dated 14-08-1993 • Sau. Uni. Code : 22005 • D.E. College Code : 73 • D.E. Grant Code : 264 • D.E. Zone Code : 94

તા. ૨૫–૧૧–૨૦૧૩.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું પ્રશંસનીય કાર્ય

' વિદ્યાર્થી સુરક્ષા યોજના હેઠળ' અત્યંત ટૂંકા ગાળામાં વિદ્યાર્થીનીના પરિવારને આર્થિક સહાયતા સુપ્રત.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી – રાજકોટ દ્વારા વર્ષ. ૨૦૧૩–૨૦૧૪ ના શૈક્ષણિક વર્ષના પ્રથમ સત્ર દરમિયાન એક પ્રસંશનીય કાર્ય હાથ ધરવામાં આવ્યું.

જે મુજબ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓને મદદરૂપ થવાના હેતુથી ' વિદ્યાર્થી સુરક્ષા યોજના' ચલાવવામાં આવી રહી છે. જેમાં અકસ્માત થવાના કારણે જો કોઈ વિદ્યાર્થીનું મૃત્યુ થાય તો તેના પરિવારને રૂા. એક લાખ સુધીની આર્થિક સહાયતા કરવાની જોગવાઈ છે. વર્ષ. ૨૦૧૩ – ૧૪ ના પ્રારંભમાં પોરબંદર ડો. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજમાં ' બાબી અનિસા હાજીમોહમદ ' નામની વિદ્યાર્થીનીએ એફ.વાય.બી.કોમ. માં પ્રવેશ મેળવ્યો અને ૧૫ દિવસના ટૂંકાગાળામાજ માત્ર ૧૨ કલાકની ટૂંકી બિમારીમાં અનિસાનું દુઃખદ અવસાન થયું. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીનીના પરિવારની અત્યંત નબળી આર્થિક સ્થિતિને ધ્યાનમાં રાખીને રૂા. એક લાખની આર્થિક સહાયતા કરવામાં આવી અને આ અંગેનો ચેક પરિવારના સભ્યોને રાજકોટ ખાતે બોલાવીને આપવાને બદલે વિદ્યાર્થીનીની કોલેજ – ડો. વી.આર. ગોઢાણિયા મહિલા કોલેજ પોરબંદર ખાતે મોકલી આપવામાં આવ્યો વિદ્યાર્થીનીનાં માતા – પિતા – રૂબીનાબહેન અને હાજીમોહમદભાઈ બાબીને બીજા સત્રના પ્રથમ દિવસેજ તા. ૨૧–૧૧–૨૦૧૩ ના રોજ કોલેજ ખાતે બોલાવીને મહિલા કોલેજના પ્રિન્સિપાલશ્રી ડો. નાગરસાહેબ તથા ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વિસાણા દ્વારા વિદ્યાર્થીનીના માતા શ્રીમતી રૂબીનાબહેન બાબીને અર્પણ કરવામાં આવ્યો.

આ પ્રશંસનીય કાર્યને અત્યંત ટૂંકાગાળામાં પરિપૂર્ણ કરવામાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલા શ્રી બારડસાહેબ તથા ઉપકુલપતિશ્રી પાડલિયાસાહેબે અમૂલ્ય સહકાર પૂરો પાડયો તે બદલ સંસ્થાના પ્રમુખશ્રી ડો. વિરમભાઈ ગોઢાણિયા તથા સમગ્ર ટ્રસ્ટીગણે શ્રી પાડલિયાસાહેબ તથા શ્રી બારડસાહેબનો ખૂબ ખૂબ આભાર માન્યો છે.

( ડો. અનુપમ આર. નાગર )
પ્રિન્સિપાલ

એમ.જી.રોડ, ખીજડી પ્લોટ, પોરબંદર – ૩૬૦ ૫૭૫ ફોન : (૦૨૮૬) ૨૨૪૭૭૦૯, ફેક્સ : ૨૨૪૬૮૬૬
Website : www.drvrginstitute.c g. E-mail : drvrgodhaniaihl@rediffmail.com